આ કોષ્ટક RBIના *Customer Protection in Electronic Banking Transactions* સંબંધિત નિર્દેશોના આધારે તૈયાર કરવામાં આવ્યો છે. જેનો અમલ ૦૧/૦૭/૨૦૨૬ થી કરવાનું નક્કી થયેલ છે.

**ઇલેક્ટ્રોનિક બેંકિંગ છેતરપિંડી (Fraud) – ગ્રાહક જવાબદારી, બેંક જવાબદારી અને વળતર (Compensation) : સરળ માર્ગદર્શિકા**

**1. ગ્રાહકની જવાબદારી અને વળતરનો નિર્ણય**

| પરિસ્થિતિ | ગ્રાહકની જવાબદારી | બેંકની જવાબદારી | ગ્રાહકને શું મળશે? |
|---|---|---|---|
| UCB (બેંક)ની બેદરકારી, સિસ્ટમની ખામી અથવા સુરક્ષાની ખામી | શૂન્ય (Zero Liability) | સંપૂર્ણ | સમગ્ર રકમ પરત |
| તૃતીય પક્ષ (Third Party) દ્વારા છેતરપિંડી અને ગ્રાહકે 5 દિવસની અંદર જાણ કરી | શૂન્ય | સંપૂર્ણ | સમગ્ર રકમ પરત |
| તૃતીય પક્ષ દ્વારા છેતરપિંડી અને 5 દિવસ પછી જાણ કરી | બેંકની પોલિસી મુજબ | આંશિક | પાત્રતા હોય તો વળતર મળશે |
| ગ્રાહકની બેદરકારી (OTP, PIN, Password શેર કરવો વગેરે) | જાણ ન કરે ત્યાં સુધીનું નુકસાન ગ્રાહકનું | જાણ પછીનું નુકસાન બેંકનું | પાત્રતા મુજબ વળતર મળી શકે |
| છેતરપિંડીની જાણ કર્યા પછી થયેલા તમામ ટ્રાન્ઝેક્શન | શૂન્ય | સંપૂર્ણ | સંપૂર્ણ રક્ષણ |

**2. વળતર (Compensation) મેળવવા માટેની શરતો**

| મુદ્દો | જોગવાઈ |
|---|---|
| લાભાર્થી | વ્યક્તિગત (Individual) ગ્રાહક |
| મહત્તમ નુકસાન | ₹50,000 સુધી |
| ફરિયાદ નોંધાવવાની સમયમર્યાદા | ઘટના પછી 5 દિવસની અંદર |
| ક્યાં ફરિયાદ કરવી? | (1) બેંકમાં (2) Cyber Crime Portal અથવા 1930 પર |
| વળતર કેટલું? | નેટ નુકસાનના 85% અથવા ₹25,000, બેમાંથી જે ઓછું હોય |
| ચુકવણી સમય | અરજી મળ્યાના 5 દિવસમાં |
| કેટલા વખત મળી શકે? | જીવનમાં એક જ વખત |

**3. વળતર ગણતરી (Compensation Calculation)**

**સૂત્ર-----નેટ નુકસાન = કુલ નુકસાન – વસૂલ થયેલી રકમ**

**વળતર = નેટ નુકસાનનું 85% અથવા ₹25,000, જે ઓછું હોય**

**4. RBI, ગ્રાહકની બેંક અને લાભાર્થી બેંકનો ફાળો**

| નુકસાનની રકમ | ગ્રાહકને મળતું વળતર | RBI ફાળો | ગ્રાહકની બેંક | લાભાર્થી બેંક |
|---|---|---|---|---|
| ₹29,412 થી ઓછું | નેટ નુકસાનનું 85% | 65% | 10% | 10% |
| ₹29,412 થી ₹50,000 | ₹25,000 (નિશ્ચિત) | ₹19,118 | ₹2,941 | ₹2,941 |

**5**

**પ્રશ્ન** **હા**

શું છેતરપિંડી બેંકની બેદરકારીથી થઈ છે?------ સંપૂર્ણ રકમ પરત

શું ગ્રાહકે 5 દિવસમાં જાણ કરી?------------------- સંપૂર્ણ રકમ પરત

શું ગ્રાહક બોના ફાઇડ (નિર્દોષ) પીડિત છે?---- વળતર યોજના લાગુ

શું નુકસાન ₹50,000 સુધી છે?-------------------- 85% અથવા ₹25,000 સુધી વળતર

શું ફરિયાદ બેંક તથા 1930/Cyber Portal પર નોંધાઈ છે? -----વળતર મળશે

---

**6. સરળ ઉદાહરણો**

| કેસ | કુલ નુકસાન | વસૂલાત | નેટ નુકસાન | વળતર |
|---|---|---|---|---|
| કેસ-1 | ₹20,000 | Nil | ₹20,000 | ₹17,000 (85%) |
| કેસ-2 | ₹40,000 | ₹15,000 | ₹25,000 | ₹21,250 |
| કેસ-3 | ₹40,000 | Nil | ₹40,000 | ₹25,000 (મહત્તમ મર્યાદા) |
| કેસ-4 | ₹50,000 | ₹10,000 | ₹40,000 | ₹25,000 (મહત્તમ મર્યાદા) |

**"ગ્રાહક જેટલી વહેલી તકે બેંક અને 1930 પર ફરિયાદ કરશે, તેટલું તેનું રક્ષણ વધારે રહેશે. 5 દિવસની અંદર ફરિયાદ કરવાથી મોટાભાગના કેસોમાં ગ્રાહકને સંપૂર્ણ સુરક્ષા અથવા વળતર મળી શકે છે."**